અપીલ અરજી નં.૨૪૩ તા.૧૯–૧૧–૦૮/૦૯

અરજદારઃ શ્રી સુલેમાન સુરતવાલા
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરત સુલેમાન સુરતવાલાની તા.૩૦–૯–૦૮ ની અરજીની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૯–૧૧–૦૮ ની અપીલ અરજી નં.૨૪૩/૨૦૦૮–૦૯

## ફરીયાદની હકીકતઃ–

શ્રી સુરત સુલેમાન સુરતવાલાની તા.૩૦–૯–૦૮ ની અરજીની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર ન મળતાં મળેલ પ્રતિભાવથી નારાજ થઈ મળેલ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૧૪ તા.૨૭–૧૧–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પશ્ચિમઝોન/આરટીઆઈ/આ.નં.૨૦૮ તા.૨–૧૨–૦૮ થી વિગતો અત્રેના વિભાગને મળેલ છે. જે અનુસાર અરજદારની તા.૩૦–૯–૦૮ ની અરજીથી રૂપિયા ૫૦ કરોડની સરકારી સુડાની જમીનોના પુરાવા મેળવવા બાબત અને સરકારી જમીનો ઉપર ત્રણ એપા. ગેરકાયદેસર બાંધનાર તથા ગેરકાયદેસર બાંધકામ કરનાર રાંદેરના વતની શ્રી ઉસ્માનભાઈ ભરૂચા મોટા બિલ્ડરની પાસા હેઠળ અટકાયત કરવી તેવી માંગણી કરતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલ ઝોન તરફથી કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોન અને સીટી મામલતદાર સીટી તાલુકાને નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૭૯૪ તા.૩–૧૦–૦૮ થી તબદીલ કરેલ છે.અરજદારની મુળ અરજીની વિગત અનુસાર "સુડાની જમીનનો પુરાવો" મેળવવા બાબત તેવી રજુઆત કરી તકરાર નિવારણ સંદર્ભે કાર્યવાહી કરવાની રજૂઆત સ્પષ્ટ થાય છે. અપીલ અરજીના તબકકે પણ અરજદારે સુડા કચેરી અને મામલતદાર કચેરીરીનો ઉલ્લેખ કરેલ છે. તેમની અપીલ અરજી તેના અનુસંધાને સુડા કચેરી તેમજ સીટી મામલતદાર કચેરીને અત્રેના પત્ર નં.૮૦૧ તા.૨૧–૧૧–૦૮ થી તબદીલ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મળેલ પૂરક માહિતીના સંદર્ભે અરજદારને વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૪ તા.૨૪–૧૦–૦૮ થી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે છે તેવો જણાવતો પત્ર ફાઈવ સ્ટાર કુરીયર મારફતે અરજદારને મોકલવામાં આવેલ કુરીયરની તથા કવરની પહોંચ રજુ કરેલ છે જેમાં કવર ઉપર નંબર વગર નથી મળતું તેવા રીમાર્કસ સાથે પરત આવેલ છે. અરજદારે મુળ અરજી કે અપીલ અરજીમાં પણ ખોડીયારનગર સોસા.નો મકાન નંબર કે પ્લોટ નંબરનો સરનામામાં ઉલ્લેખ કરેલ નથી. પરંતુ ટપાલ કુરીયર મારફતે નહીં પરતુ પોષ્ટ મારફતે મોકલવા જણાવેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારનુ મુળ અરજીનું વિષય વસ્તુ કાર્યવાહી હાથ ધરવાને લગતું છે તથા તેમણે સ્વયં મુળ અરજી તથા અપીલ અરજીમાં નિર્દિષ્ટ કર્યા મુજબ સીટી મામલતદાર કચેરી તથા સુડા કચેરીને સ્પર્શતું હોય અને બંને સત્તા મંડળને તે તબદીલ થયેલ હોઈ અત્રેથી અપીલમાં કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ઝોનલચફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુલેમાન સુરતવાલા,